info@fuleseeds.com 91065 70738

| ફૂલે ભીમા (ફૂલે 101) ધાણાની ખેતી પધ્ધતિ | |
|---|---|
| **ખાસિયતો** | વહેલી પાકતી જાત (100 થી 105 દિવસ), મધ્યમ ઊંચાઇ જેથી ઢળવાનો પ્રશ્ન ઓછો, અન્ય જાત કરતાં ઓછા રોગ જીવાત અને મોટો દાણો હોવાથી સારો બજારભાવ. |
| **જમીન અને આબોહવા** | ધાણા માટે સારી નિતારશકિત અને પૂરતા પ્રમાણમાં સેન્દ્રિય તત્વ ધરાવતી ગોરાડુ થી મધ્યમકાળી જમીન વધુ માફક આવે છે. ધાણાના પાકને ઠંડી અને સુકી આબોહવા વધુ માફક આવે છે જેથી તેનું વાવેતર શિયાળુ ઋતુમાં થાય છે. |
| **જમીનની તૈયારી** | ચોમાસુ પાક લીધા બાદ જમીનને હળથી એક-બે વાર ખેડી આગળના પાકના જડિયા વીણી, સમાર વડે ઢેફા ભાંગી જમીનને સમતળ બનાવવી જોઇએ. ત્યારબાદ સારૂ કોહવાયેલું છાણિયું ખાતર તેમજ ભલામણ મુજબ રાસાયણિક ખાતર નાખી કરબથી આડી-ઉભી ખેડ કરી જમીનમાં ભેળવી દેવું જોઇએ. જમીનના ઢોળાવ અને પિયતના પ્રકારને ધ્યાનમાં રાખી 5 થી 6 મીટર લાંબા અને 2.5 થી 3.0 મીટર પહોળા કયારા બનાવવા જોઈએ. |
| **બીજદર** | 15-20 કિલો/હેક્ટર |
| **બીજ માવજત** | વાવતાં પહેલાં આખા ધાણાને ધીમા દબાણથી બે ભાગ (ફાડિયા) કરવાથી બીજની જરૂરિયાત ઘટે છે. ધાણાના બિયારણને 8 થી 10 કલાક પાણીમાં પલાળી ત્યારબાદ છાંયામાં સૂકવીને વાવણી કરવાથી ઉગાવો સારો અને ઝડપી થાય છે. જમીનજન્ય અને બીજજન્ય રોગના નિયંત્રણ માટે 1 કિલો બિયારણદીઠ 3 ગ્રામ કેપ્ટાન કે થાયરમનો પટ આપી વાવવા માટે ઉપયોગ કરવો. |
| **વાવેતર સમય** | પિયત ધાણાની વાવણી નવેમ્બરના પ્રથમ કે બીજા અઠવાડિયામાં કરવી વધુ અનુકૂળ છે. જે સમયે દિવસનું મહત્તમ ઉષ્ણાતામાન 30 °C આજુબાજુ હોવું જરૂરી છે. |
| **વાવેતર અંતર** | બે હાર વચ્ચે : 30 સે.મી. (12 ઇંચ) અને બે છોડ વચ્ચે : 10 સે.મી. (4 ઇંચ) |
| **ખાતર વ્યવસ્થાપન** | હેક્ટરે 10-12 ટન છાણિયું ખાતર જમીન તૈયાર કરી જમીનમાં ભેળવવું જોઇએ.<br>રાસાયણિક ખાતર : 20 કિ.ગ્રા. નાઈટ્રોજન અને 10 કિ.ગ્રા. ફોસ્ફરસ પ્રતિ હેક્ટર<br>જેમાંથી 10 કિ.ગ્રા. (22 કિ.ગ્રા. ડીએપી અને 13 કિ.ગ્રા. યુરિયા) નાઈટ્રોજન અને |

| | |
|---|---|
| | 10 કિગ્રા ફોસ્ફરસ – પાયાના ખાતર તરીકે અને બાકી રહેલ 10 કિ.ગ્રા. નાઈટ્રોજન (22 કિ.ગ્રા. યુરિયા) પૂર્તિ ખાતર તરીકે આપવું. |
| **પિયત વ્યવસ્થાપન** | ધાણાના પાકને સામાન્ય રીતે 5 થી 6 પિયત દર 15 દિવસે આપવા. આમ છતા જમીનની પ્રત પ્રમાણે પિયત ઓછા-વતા કરી સારૂ ઉત્પાદન લઈ શકાય. |
| **નિંદામણ અને આંતર ખેડ** | ધાણાના પાકમાં નિંદામણના કારણે ઉત્પાદનમાં 50-71 % સુધી ઘટાડો થાય છે. નિંદામણના ઉપદ્રવને ધ્યાનમાં રાખીને 2-3 આંતરખેડ અને 2 હાથ નિંદામણની જરૂરિયાત રહે છે. જયાં મજૂરની અછત અને નિંદામણ વધારે હોય ત્યારે વાવણી બાદ તુરત જ નિંદામણનાશક દવાઓ જેવી કે પેન્ડીમીથેલીન 1.0 કિ.ગ્રા. સક્રિય તત્વ પ્રતિ હેકટર પ્રમાણે વાવણી પહેલાં છંટકાવ કરી પિયત આપવું . |
| **ધાણામાં રોગ નિયત્રંણ** | |
| **1. ભૂકી છારો** | |
| **લક્ષણો** | છોડના નીચેના પાન પર સફેદ છારી જોવા મળે. ઠંડા અને ભેજવાળા વાતાવરણમાં થડ, ડાળી અને પાન પર સફેદ ફુગની વૃધ્ધિ જોવા મળે. પાક દૂરથી સામાન્ય લીલા રંગને બદલે રાખોડીયા રંગનાં જોવા મળે. ઘણી વખત દાણા પર પણ સફેદ છારી જોવા મળે. |
| **નિયત્રંણ** | સંરક્ષણાત્મક પગલા તરીકે પાક 45 દિવસનો થાય કે રોગની શરૂઆત થાય કે તુરત જ દ્રાવ્ય ગંધક 0.2% (30 ગ્રામ/10 લિટર) અથવા હેક્ઝાકોનેઝોલ 5 ઈ.સી. 0.005% (10 મિ.લી./10 લિટર )ના દ્રાવણના 2 થી 3 છંટકાવ કરવા. |
| **કાપણી** | ધાણાના પાકમાં કાપણી સમય ઉત્પાદન અને ગુણવત્તા માટે ખૂબ જ અગત્યનું પરિબળ છે. પાક સામાન્ય રીતે 110 થી 120 દિવસમાં તૈયાર થઈ જાય છે. દેહધાર્મિક પરિપકવતાએ પાકની કાપણી કરવી. ધાણાનો લીલો રંગ અને સુગંધ જળવાઈ રહે તે માટે કાપણી પછી પાકની સૂકવણી છાંયામાં કરવી આવશ્યક છે. જો કાપણી મોડી કરવામાં આવે તો દાણા ખરી પડે, રંગ સફેદ કે ભૂખરો થાય અને ઉડયનશીલ તેલનું પ્રમાણ ઘટે છે. તે જ પ્રમાણે જો વહેલી કાપણી કરવામાં આવે તો અપરિપકવતાને કારણે ધાણાનું વજન અને કદ ઘટે છે. પરંતુ લીલો રંગ જળવાઈ રહેતાં બજાર કિંમત ઉંચી મળે છે. |